શ્રી પંચોલી સુતાર જ્ઞાતિ સંસ્થાપિત

# શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ

મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ અંતર્ગત

રજીસ્ટર્ડ નં. એ-૧૮૦૮

## બંધારણ

પુનર્રચના - ૧૯૯૧

૪૫૮, પઠ્ઠે બાપુરાવ માર્ગ (સીધી લેન), નળ બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૪.

# પ્રાસંગિક

દિનાંક ૩-૪-૧૯૯૦, રામનવમીના દિને મળેલ સામાન્ય સભામાં જૂના બંધારણની પુનર્રચના કરવાનું ઠરાવાયું હતું. એ માટે નીચેના ૩ સભ્યોની 'બંધારણ પુનર્રચના સમિતિ' નીમવામાં આવી હતી.

(૧) શ્રી છગનલાલ ઘેલાભાઈ મિસ્ત્રી
(૨) શ્રી ડાહ્યાભાઈ દુર્લભદાસ મિસ્ત્રી
(૩) શ્રી જીતેન્દ્ર નગીનલાલ મિસ્ત્રી

સામાજિક અને સંસ્થાકિય દીર્ઘ કારકીર્દિના તેમના અનુભવના નીચોડરૂપ તેમણે આ બંધારણ ઘડી આપ્યું છે. તે માટે સમાજ અને સંસ્થાવતી તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

દિનાંક ૮-૯-૧૯૯૧ના દિને મળેલ સામાન્ય સભાએ આ પુનર્રચિત બંધારણને બહાલી આપી છે. અને તા.૧૭-૧૦-૧૯૯૧ થી તે અમલમાં આવ્યું ગણાશે.

લિ.
**શ્રી પંચોલી સેવા સમાજ. મુંબઈ**
**શ્રી ભરત લલ્લુભાઈ મિસ્ત્રી**
પ્રમુખ
(૧૯૯૧-૯૨)

**જુના સભ્ય માટે**

**સોગંદનામું**

માનનીય પ્રમુખશ્રી,
શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ
૪૫૮, પઠ્ઠે બાપુરાવ માર્ગ,
(સીધી ગલીના નાકે) નળ બજાર,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.

હું આપણાં મંડળ **'શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ'** નો આજીવન/સામાન્ય સભ્ય છું.

આપના તરફથી મોકલાવેલ પુનર્રચિત બંધારણની નકલ મળી છે. મેં તેનો મનનપૂર્વક અભ્યાસ કર્યો છે. અને તેના નિયમો મને માન્ય છે. આ ઉપરાંત હવે પછી પણ તેમાં વખતોવખત ફેરફારો થાય તે સર્વે મુજબ વર્તવાને હું આથી બંધાઉ છું.

મારું સભ્યપદ આ પુનર્રચિત બંધારણ અનુસાર મળેલ ગણી તે ચાલુ રાખવા કૃપા કરશો.

લિ.

_______________
સહી દઃ પોતે

**શેરો**
તારીખ : _______________

આજીવન સભ્યપદ નં. __________
સામાન્ય સભ્યપદ નં. __________

**નવા સભ્ય માટે**

## અરજી પત્રક

શ્રીમાન પ્રમુખ શ્રી
'શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ'
૪૫૮, પઠ્ઠે બાપુરાવ માર્ગ,
નળ બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૪.

આ અરજી પત્રક જોડે આપના તરફથી મોકલાવેલ બંધારણની નકલ મને મળી છે. મેં એ બંધારણનો મનનપૂર્વક અભ્યાસ કર્યો છે. અને તેના સર્વે નિયમો મને માન્ય છે. આ ઉપરાંત હવે પછી પણ વખતોવખત જે ફેરફારો થાય તે સર્વે મુજબ વર્તવાને હું આથી બંધાઉં છું. મારું નામ આપણા મંડળના સભાસદ તરીકે દાખલ કરવા કૃપા કરશો.

દાખલ ફીના રૂ._____, આજીવન સભાપદના લવાજમના રૂ.________, સામાન્ય સભ્યપદના લવાજમના રૂ.________ આ સાથે મોકલાવું છું. જે સ્વીકારી આભારી કરશોજી.

નામ : ________________________

ઉંમર : __________ વ્યવસાય ________

સરનામું : ________________________

________________ ટેલીફોન નં.________

**શેરો**

અરજી મળ્યાની તા.________

સભ્યપદ માન્ય કર્યાની તા.________ ____________

દાખલ ફી/લવાજમ રસીદ નં.______ સહી દ : પોતે

સભ્યપદ નં.________ તારીખ__________

(પાછળ જુઓ)

# શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ

૪૫૮, પઠ્ઠે બાપુરાવ માર્ગ - સિંધી લેન કોર્નર,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.

## બં ધા ર ણ

### વિભાગ-૧ : નામ

૧. આ સંસ્થાનું નામ ''શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ'' રહેશે. (જૂનું નામ ''શ્રી પંચોલી જ્ઞાતિ મંડળ, મુંબઈ'' હતું જે ઈ.સ. ૧૯૫૬થી બદલી ઉપર મુજબ રાખવામાં આવ્યું હતું.)

### વિભાગ-૨ : સરનામું

૨. સંસ્થાનું સતાવાર સરનામું ૪૫૮, પઠ્ઠે બાપુરાવ માર્ગ, (સિંધી ગલીના નાકે) નળબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૪ રહેશે.

### વિભાગ-૩ : વિસ્તાર

૩. સંસ્થાનો સ્થુળ વિસ્તાર બૃહદ મુંબઈ (મુંબઈ અને પરા વિભાગ) પૂરતો મર્યાદીત રહેશે. તથાપિ તેના સભાસદ અને લાભાલાભનો વિસ્તાર મુંબઈ બહાર ભારત કે ભારત બહારના અન્ય વિદેશોમાં વિસ્તારીત કરી શકાશે.

### વિભાગ-૪ : વ્યાખ્યા

૪. આ બધારણમાં વપરાયેલ નીચેના ટૂંકાક્ષરી અક્ષરોનો અર્થ જે તે શબ્દની સામે વર્ણવ્યા મુજબનો ગણવાનો રહેશે.

(૧) 'સંસ્થા' અથવા 'મંડળ' એટલે શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ અને અથવા તેને સંલગ્ન બીજી પેટા સંસ્થાઓ.

(૨) 'સભ્ય' એટલે આજીવન સભ્ય અથવા સામાન્ય સભ્ય એ બેમાંથી જે ગૃહિત (બંધબેસતો) હોય તે અથવા બીજા વધારાના કોઈ પણ પ્રકારના સભાસદ નક્કી કરવામાં આવે તે.

(૩) 'જ્ઞાતિ' અથવા 'સમાજ' એટલે 'શ્રી પંચોલી સુતાર (સુથાર) જ્ઞાતિ' સમુદાય.

(૪) 'કુટુંબ' એટલે સભ્યની પત્ની/પતિ અને તેની સાથે રહેતા તથા તેની ઉપર સંપૂર્ણપણે આશ્રિત હોય અથવા સ્વતંત્ર આવકનું સાધન ન ધરાવતા હોય એવા પુત્રો-પુત્રીઓ અને અન્ય સંબંધીઓ.

(૫) 'વ્યવસ્થાપક સમિતિ' અથવા 'કારોબારી સમિતિ' એટલે આ મંડળના વહીવટ માટે રચાયેલ પ્રમુખશ્રી સહિતની કારોબારી સમિતિ.

(૬) 'સભા' એટલે સામાન્ય સભા, વિશેષ સામાન્ય સભા, કારોબારી સમિતિની સભા અથવા બીજી કોઈપણ પેટા સમિતિ કે પેટા સંસ્થાની સભાના સંદર્ભમાં જેનો ઉલ્લેખ થયો હોય તે.

(૭) 'બૃહદ મુંબઈ' એટલે તળ મુંબઈ અને પશ્ચિમ પરા વિભાગના વિરાર સુધી અને પૂર્વ પરા વિભાગના થાણા સુધીની હદનો વિસ્તાર અથવા ભવિષ્યમાં એ હદમાં જે સુધારા-વધારા થાય તે વિસ્તાર.

(૮) 'આંતર જ્ઞાતિય લગ્ન' એટલે હિંદુ જાતિની કોઈપણ જ્ઞાતિ કે પેટા જ્ઞાતિમાં થયેલ લગ્ન.

(૯) 'આંતર જાતિય લગ્ન' એટલે ભારત દેશની હિંદુ જાતિ સિવાયની બીજી જાતિ (કોમ્યુનીટી)માં થયેલ લગ્ન.



(૧૦) 'આંતર દેશીય લગ્ન' એટલે ભારત બહારની વિદેશી જાતિમાં થયેલા લગ્ન.

(૧૧) 'સભા-સંમેલનો' એટલે સામાન્ય/વિશેષ સામાન્ય સભા, સામાજીક/ધાર્મિક ઉત્સવો, ભોજન સમારંભો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને એવા જ પ્રકારની જાહેરમાં થતી બીજી સામુહિક પ્રવૃત્તિઓ.

(૧૨) 'કોઈપણ સભ્ય' એટલે નિયમ ૭માં જણાવેલ દરેક પ્રકારના સભ્યો.

## વિભાગ-૫ : ઉદ્દેશ્ય-ધ્યેય

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય જ્ઞાતિની સામુદાયિક, સામાજીક, સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક તેમજ ધાર્મિક ઉન્નતિ સાધવાનો રહેલો છે.

## વિભાગ-૬ : સભ્યપદ અને તેની શરતો.

આ મંડળનું સભ્યપદ પંચોલી સુતાર (સુથાર) જ્ઞાતિની ૧૮ વર્ષની ઉપરના ઉંમરલાયક પુરુષ યા સ્ત્રી માટે મરજિયાત સ્વરૂપનું ગણાશે. અને તે (પછી તે સભ્યપદ કોઈપણ પ્રકારનું હોય તે) રદ્દબાતલ કરવાની અબાધિત સત્તા સામાન્ય સભાને રહેશે.

(૧) નિયત અરજીપત્રક પર મંડળના નીતિ-નિયમોને બંધનકર્તા ગણવાનું લેખિત અનુમોદન આપનાર જ્ઞાતિના પુરુષ યા સ્ત્રીની અરજી મળતાં, કારોબારી અરજી કરનાર વ્યકિતની પાત્રતા નિર્વિવાદ જણાતા, તેને કામચલાઉ સભ્યપદ આપી શકશે અને ત્યારબાદ મળનાર સામાન્ય સભાએ તેને આખરી બહાલી આપવાની

(૨) જે સભ્યનું સભ્યપદ શિક્ષાત્મક પગલાની રૂએ સ્થગિ કે -રદબાતલ કરવામાં આવ્યું હોય તેવા સભ્ય કે તેના કુટુંબના અન્ય સભ્યની નવા સભ્યપદ માટેની અરજી, કારોબારી સમિતિએ તેની ભલામણ સાથે સામાન્ય સભા સમક્ષ રજુ કરવાની રહેશે અને સામાન્ય સભા તેને યોગ્ય લાગે તે મુજબ તેનો નિકાલ કરશે

(૩) હિંદુ સમાજની રચના પુરુષપ્રધાન હોઈ, પુરુષની જ્ઞાતિ એ તેના કુટુંબની જ્ઞાતિ ગણાય છે. એ હિસાબે આંતરજ્ઞાતિય લગ્ન કરનાર/કરેલ જ્ઞાતિની કોઈ પુરુષ વ્યકિતને, સામાન્ય સભાની આખરી મંજૂરીને આધિન રહી, કારોબારી સમિતિ તેને સભ્યપદ આપી શકશે. આંતર જાતિય કે આંતર દેશિય જાતિમાં લગ્ન કરનાર વ્યકિતને સભ્યપદ આપી શકાશે નહિ. અને જો તેનું સભ્યપદ ચાલુ હશે તો તે કારણે આપોઆપ રદબાતલ થયેલ ગણાશે.

(૪) આંતરજ્ઞાતિય લગ્ન કરનાર 'જ્ઞાતિની મહિલા' કે તેના કુટુંબના સભ્યોને. આ સંસ્થાનું સભ્યપદ આપી શકાશે નહીં.

(૫) અપવાદ : આંતરજ્ઞાતિય લગ્ન કરનાર જ્ઞાતિની મહિલા જો તે લગ્ન વિચ્છેદ મેળવીને અથવા ત્યકતા કે વિધવા રૂપે જ્ઞાતિમાં પાછો કાયમી આશરો મેળવે તો તેને સામાન્ય સભા સભ્યપદ આપી શકશે



## વિભાગ-૭ : સભાસદના પ્રકાર

૭. સભાસદના પ્રકાર નીચે મુજબના રહેશે.

(૧) આજીવન સભ્ય

(૨) સામાન્ય સભ્ય

(૩) બીજા જે કોઈ પ્રકાર નકકી થાય તે.

## વિભાગ-૮ : સભાસદનું લવાજમ

(૧) ઉપર મુજબ કોઈપણ પ્રકારના સભાસદની દાખલ ફી અને લવાજમ સામાન્ય સભા વખતોવખત ઠરાવે તે મુજબ રહેશે અને તે સભ્યપદ અંગીકાર કરતી વખતે કે વર્ષની શરૂઆતમાં આપવાનું રહેશે.

(૨) જે સભ્યનું લવાજમ વર્ષની શરૂઆતમાં આવી ગયું હશે તેનું જ સભ્યપદ ચાલુ રહેવાને પાત્ર ગણાશે.

## વિભાગ-૯ : સભાસદના અધિકારો

૯. સામાન્ય સભ્યોને નીચે મુજબના સમાન અધિકારો રહેશે.

(૧) દરેક સભા, પ્રવૃત્તિ, કાર્યક્રમોમાં સમાન ભાગ લેવાનો.

(૨) દરેક સભાઓમાં સમાન મતાધિકારનો.

(૩) પ્રમુખપદના હોદા સિવાયના બીજા કોઈપણ હોદા કે સમિતિના સભ્યપદ માટેની ઉમેદવારી નોંધાવવાનો.

(૪) દરેક સભાઓમાં લેવાયેલ નિર્ણયો નિભાવવાનો.

૧૦. આજીવન સભ્યોને ઉપરના સમાન અધિકારો ઉપરાંત નીચેના વિશેષાધિકારો રહેશે.

(૧) મંડળના પ્રમુખપદની ઉમેદવારી નોંધાવવાનો.

(૨) કોઈ વિશિષ્ટ યોજનાના અધ્યક્ષપદે નિમાવાનો.

(૩) કોઈ મહત્વની બાબતે નિયમ ૩૬માં જણાવ્યા મુજબ, વિશેષ સામાન્ય સભા બોલાવવાની માગણી કરવાનો

(૪) કોઈપણ પ્રકારની આર્થિક સહાય અગ્રક્રમે મેળવવાનો.

(૫) મંડળના હિસાબ, સાત દિવસ અગાઉથી મંજુરી મેળવી, જોવા તપાસવાનો.

## વિભાગ-૧૦ : સભાસદની જવાબદારીઓ

૧૧. કોઈપણ સભામાં મૂકરર કરેલી બહુમતિથી થયેલા નિર્ણયો ગેરહાજર રહેલ સભ્ય સહિત સર્વે સભ્યોને સરખીરીતે બંધનકર્તા રહેશે.

૧૨. કોઈપણ સભ્ય મંડળમાંથી રાજીનામું આપે કે તેનું સભ્યપદ રદબાતલ કરવામાં આવે તો તે પછી પણ તે મંડળની લેણી રકમ ભરપાઈ કરવાને બંધનકર્તા રહેશે.

૧૩. દરેક સભ્ય મંડળની સભા-સંમેલનો, ઉત્સવોમાં તેના હોદ્દેદાર અને અન્ય સભ્ય પ્રતિ સન્માનપૂર્વક વર્તવાને બંધાયેલ રહેશે, એથી વિરુધ્ધના અવિવેકી વાણી-વર્તન શિક્ષાપાત્ર ગણાશે.

૧૪. કોઈપણ સભ્ય મંડળને લેખિત જાણ કર્યા વગર અને લેખિત ખુલાશો મેળવ્યા વગર તેના કોઈપણ નિર્ણય, પ્રવૃત્તિ કાર્યક્રમ વિરૂધ્ધ કોઈ પ્રકારની ગતિવિધી કે કાર્ય કરે



તો તે શિક્ષાપાત્ર ગણાશે.

૧૫. કોઈપણ સભ્ય મંડળ કે મંડળની કોઈ પ્રવૃત્તિ અથવા મંડળના કોઈ સભ્ય કે તેના કુટુંબના સભ્યો વિષે મૌખિક પ્રચાર અથવા નનામા પત્રો કે પત્રિકા ધ્વારા અરૂચિકર અને અસભ્ય આક્ષેપો કરશે અને તેની સામે સીધા કે સાંયોગિક પૂરાવાઓ મળી આવે કે રજૂ થાય તો તે શિક્ષાપાત્ર ગણાશે.

૧૬. ઉપરના નિયમ ૧૩, ૧૪ અને ૧૫માં જણાવેલ ગેરવર્તણુંક માટે જવાબદાર સભ્ય સામે નીચે મુજબની કાર્યવાહિ કરવાની રહેશે.

(૧) કારોબારી સમિતિ સંબંધિત પ્રતિવાદી સભ્ય/સભ્યો પાસેથી પ્રથમ લેખીત ખુલાસો મેળવશે જે માટે તેને ૧૫ દિવસનો અને વધુમાં વધુ ૧ મહિનાનો સમય આપવાનો રહેશે.

(૨) કથિત ખુલાસો યોગ્ય જણાતા કારોબારી સમિતિ તેને લગતી બીજી કાર્યવાહિ પડતી મૂકશે અને ફરીયાદીને પ્રતિવાદીના ખુલાસાની નકલ મોકલી કારોબારી સમિતિના નિર્ણયની જાણ કરશે. જો ફરીયાદી સભ્યને કારોબારીનો એ નિર્ણય સંતોષજનક ન લાગે અને તેની ફરિયાદ સામાન્ય સભા સમક્ષ રજુ કરવાની માંગ કરશે તો કારોબારી સમિતિએ તેની ફરિયાદ તેના અસંતોષના કારણો મેળવી સામાન્ય સભા સમક્ષ રજુ કરવાની રહેશે.

(૩) જવાબદાર પ્રતિવાદી સભ્ય પાસેથી લેખિત ખુલાસો ન મળતા અથવા આપવામાં આવેલ ખુલાસો સંતોષજનક ન જણાતા, કારોબારી સમિતિ કસુરવાર સભ્ય/સભ્યોનું

સભ્યપદ જરૂર જણાતા, સામાન્ય સભા મળે ત્યાં સુધીની મુદત સુધી તાત્પુરતું સ્થગિત (સસપેન્ડ) કરી શકશે.

(૪) સામાન્ય સભા બહુમતિથી કથિત કસુરવાર સભ્ય/સભ્યો સામે ચેતવણી કે ઠપકાનો ઠરાવ અથવા તેનું સભ્યપદ નિશ્ચિત મુદત સુધી સ્થગિત કે રદબાતલ કરવાની શિક્ષા કરી શકશે. (સંબંધ : નિયમ-૬)

(૫) જે સભ્યનું સભ્યપદ ઉપર મુજબ સ્થગિત કરવામાં આવ્યું હશે તે સભ્યના લાભાલાભો અધિકારો પણ આપોઆપ સ્થગિત થયેલા ગણાશે.

૧૭. મંડળના કોઈપણ પ્રકારના સભ્યપદ પરથી છૂટા થયેલ કે છૂટા કરવામાં આવેલ સભ્યને મંડળના કોઈપણ પ્રકારના લાભાલાભ ઉપર કોઈપણ જાતનો હકક રહેશે નહિ.

૧૮. માત્ર શૈક્ષણિક, આર્થિક કે ઓ.બી.સી.નું પ્રમાણપત્ર મેળવવા પૂરતા નીજી સ્વાર્થને ખાતરજ સભ્યપદ મેળવનાર 'સ્થાનીક સભ્ય' જો લાગલગાટ બે વર્ષ સુધી મંડળની સભા-સંમેલનોમાં ભાગ ન લેશે તો તેનું સભ્યપદ ''નામ માત્રનું'' (નોમીનલ) ગણાશે અને ફરી જે વર્ષથી તે મંડળની સભા-સંમેલનોમાં ભાગ લેશે તેજ વર્ષથી તેના સભ્યપદની કોરમમાં ગણના થશે.

## વિભાગ-૧૧ : સભાસદના લાભાલાભ

૧૯. મંડળના દરેક ક્ષેત્રના લાભાલાભ મંડળના દરેક સભ્યો અને તેના કુટુંબના સભ્યો પૂરતા મર્યાદિત રહેશે. (સંબંધ : નિયમ ૪ (૪))



અપવાદ : નિરાધાર/વિધવા તથા જીવલેણ ગંભીર માંદગી કે કુદરતી આપત્તિના ભોગ બનેલ જ્ઞાતિની કોઈપણ વ્યકિતને, મુંબઈ કે મુંબઈ બહાર, યોગ્ય આર્થિક મદદ આપી શકાશે. (સંબંધ : નિયમ ૬૧)

૨૦. આજીવન સભ્યને શૈક્ષણિક કે આર્થિક સહાય આપવાની જે ટોચ મર્યાદા નકકી કરવામાં આવે તે સામે સામાન્ય સભ્યને અર્ધાભાગની મદદ આપવાની રહેશે.

૨૧. મુંબઈ કે મુંબઈ બહાર વસતા મંડળના સભ્યોને કે તેના કુટુંબના સભ્યોને તેના 'સભ્યપદના પ્રકાર અનુસાર' એક સરખા નિર્ધારીત આર્થિક લાભ દરેક ક્ષેત્રે આપવાના રહેશે. (સંબંધ : નિયમ-૧૮)

૨૨. દરેક સભ્યને તેના સભાસદ અર્થાત સભ્યપદની તારીખથી ૩ વર્ષ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેના કુટુંબના બે સભ્યો પૂરતી જ શૈક્ષણિક મદદ આપી શકાશે. (સંબંધ : નિયમ-૧૮,૨૧)

## વિભાગ-૧૨ : સામાન્ય સભા

૨૩. સામાન્ય સભા મંડળની સર્વોપરી સત્તા ગણાશે અને તે વર્ષમાં ઓછામાં ઓછી એક વાર મેળવવાની રહેશે.

૨૪. સામાન્ય સભાની લેખિત સૂચના દરેક સભ્યોને ૭ દિવસ અગાઉ સભાનું સ્થળ, દિવસ, સમય અને કાર્યસુચી (એજેન્ડા) સહ આપવાની રહેશે.

૨૫. સામાન્ય સભા/સંમેલનોમાં મંડળના સભ્ય ન હોય એવી જ્ઞાતિની વ્યકિતઓને વિશેષ આમંત્રણ આપી બોલાવી શકાશે અને તેમના મંતવ્યો/અભિપ્રાયો મેળવી શકાશે પરંતુ તેમને મતદાન કરવાનો અધિકાર આપી શકાશે નહીં.

૨૬. સામાન્ય સભાનું પ્રમુખપદ પ્રમુખશ્રીએ સંભાળવાનું રહેશે. તેમની ગેરહાજરીમાં ઉપ-પ્રમુખશ્રી અને તેઓ પણ હાજર ન હોય તો કારોબારી સમિતિના કોઇ અનુભવી સભ્યને એ સભાના તાત્પૂરતા પ્રમુખશ્રી તરીકેની જવાબદારી અને અધિકારો સોંપી શકાશે.

૨૭. સામાન્ય સભામાં પ્રમુખશ્રી સામે કાર્યવાહિ કરવાની કોઇ અસાધારણ પરિસ્થિતિ ઉભી થાય તો તેવી સભાનું તાત્પૂરતું પ્રમુખપદ ઉપ-પ્રમુખશ્રીએ સંભાળવાનું રહેશે અને તેઓશ્રી જો એ માટે અસંમતિ દર્શાવે તો હાજર રહેલ સભ્યો પૈકીના કોઇ નિષ્પક્ષપાતી અને અનુભવી સભ્યને એ સભાના તાત્પૂરતા પ્રમુખશ્રી તરીકેની જવાબદારી અને અધિકારો સોંપી શકાશે.

૨૮. સામાન્ય સભામાં જે બાબત ૨/૩ કે ૩/૪ બહુમતિની જરૂર હોય એવી બાબત સિવાયની બીજી બાબતોને કોરમ મુજબ હાજર રહેલ સભ્યોની 'સાદી બહુમતિ'થી મંજુરી આપવાની રહેશે. અને જો તરફેણ અને વિરૂધ્ધમાં સરખા મતો મળશે તો પ્રમુખશ્રી પોતાના વિશેષ મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આ રીતે લેવાયેલ નિર્ણયો ગેરહાજર રહેલ સભ્યો સહિત દરેક સભ્યોને સરખી રીતે બંધનકર્તા ગણાશે. (સંબંધ : નિયમ ૪૦, ૪૨, ૪૩)

૨૯. સામાન્ય સભાની કાર્યસૂચી કારોબારી સમિતિએ તૈયાર કરવાની રહેશે. સભાના ૩ દિવસ પહેલા (સંબંધ : નિયમ ૨૪) કારોબારી બહારના કોઇ સભ્ય તરફથી કોઇ બાબત અંગે લેખિત સૂચના મળી હશે તો તેની અગત્યતાને ધ્યાનમાં લઇ પ્રમુખશ્રી તેની રજુઆત કરવાની સંમતિ આપી શકશે. અન્યથા બીજી કોઇ બાબત પ્રમુખશ્રીની પરવાનગી સિવાય રજૂ થઇ શકશે નહિ.



૩૦. સામાન્ય સભા કે કોઇ ઉત્સવ પ્રસંગોમાં ચર્ચાનો ઝોક અસંગત કે તંગદીલીભર્યો બની જતા પ્રમુખશ્રી તે ચર્ચા ચાલુ સભા દરમ્યાન થોડા સમય માટે મુલત્વી રાખી શકશે અગર જરૂર જણાતા તે ચર્ચાને આગળ ન વધવા દેતા તત્કાળ બંધ કરી દેવાનો અને જરૂર જણાય તો સભા બરખાસ્ત કરી દેવાનો આદેશ આપી શકશે.

૩૧. (૧) સામાન્ય સભામાં કે બીજી કોઇપણ સભામાં કેવળ સામુહિકભાવનાથી દોરવાઇ જઇને સાદી બહુમતિથી થયેલો નિર્ણય સવાંશે સંસ્થાના કે સમાજના હિતમાં ન હોય એવું પ્રમુખશ્રીને લાગે તો બીજી સભામાં તે પ્રત્યે ફેરવિચારણા થઇ શકવાના શુધ્ધ આશયથી, પ્રમુખશ્રીને મજકૂર નિર્ણયને મુલતવી રાખવાની વિશેષ સત્તા રહેશે.

(૨) ઉપર મુજબ મુલતવી રાખવામાં આવેલા નિર્ણયની ફેરવિચારણા માટેની બીજી સભા ત્રણ મહિનાની અંદર બોલાવવાની રહેશે અને તેમાં પૂરતું કોરમ હોય તો તે અંગે જે નિર્ણય સાદી બહુમતિથી લેવાય તેને પ્રમુખશ્રી સહિત સર્વે સભ્યોને માન્ય કરવાનો રહેશે.

(૩) જે બાબતો અંગે ૨/૩ કે ૩/૪ બહુમતિ નિર્ણયની જરૂર હોય તેવી બાબતોના નિર્ણયોને મુલતવી રાખવાની વિશેષ સત્તાનો ઉપયોગ પ્રમુખશ્રી કોઇપણ સંજોગોમાં કરી શકશે નહીં. (સંબંધ : નિયમ ૩૧(૧))

૩૨. વર્ષ પૂર્ણ થયેથી,પ્રમુખશ્રીએ ત્રણ મહિનાની અંદર વાર્ષિક સામાન્ય સભા બોલાવવાની રહેશે. અને તેમાં નીચે મુજબની કાર્યવાહિ કરવાની રહેશે.

(૧) વર્ષ દરમ્યાનના વહિવટનો અહેવાલ અને હિસાબના ઓડીટ કરેલા સરવૈયાને મંજૂરી આપવાની રહેશે. (અનુબંધ : નિયમ - ૬૪)

(૨) વર્ષ દરમ્યાન નિશ્ચિત ટોચ મર્યાદા ઉપરાંત થયેલા વધારાના ખર્ચને બહાલી આપવાની રહેશે.

(૩) નવી વ્યવસ્થાપક સમિતિ (પ્રમુખશ્રી અને કારોબારી સમિતિના સભ્યો) ની ચૂંટણી અથવા નિમણુંક કરવાની રહેશે. (સંબંધ : નિયમ ૪૮, ૪૯)

(૪) નવા વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ માટેની અંદાજીત આવક ઉપરાંત વધારાના ખર્ચની ટોચ મર્યાદા નક્કી કરી આપવાની રહેશે.

(૫) નવા વર્ષ માટે સરકાર માન્ય ઓડીટરની અને સાથોસાથ કારોબારી બહારના એક યા બે સભ્યોની આંતરિક ઓડીટર તરીકેની નિમણુંક કરવાની રહેશે. (આંતરીક ઓડીટરને વર્ષ દરમ્યાન કોઈ પણ વખતે હિસાબ તપાસવાનો અધિકાર રહેશે અને વર્ષની આખરે તેમણે હિસાબ અંગેની તેમની લેખિત ટિપ્પણી આપવાની રહેશે.)

(૬) પ્રમુખશ્રીની પરવાનગીથી કોઈ બાબત અંગે વિશેષ સુચનાની અગાઉથી જરૂર ન હોય એવી અન્ય બાબતની રજુઆત થાય તે અંગે વિચારણા કરવાની રહેશે. (સંબંધ : નિયમ - ૨૯)

૩૩. <u>વર્ષ દરમ્યાન</u> નિયમાનુસાર બોલાવવામાં આવેલ સામાન્ય સભાનું કોરમ બૃહદ મુંબઈમાં વસતા આજીવન પુરૂષ સભ્યોની કુલ સંખ્યાના ૧/૮ સભ્યોની હાજરીથી ગણાશે. (સંબંધ : નિયમ-૧૮, ૨૮)



૩૪. <u>વાર્ષિક સામાન્ય સભાનું કોરમ</u> બૃહદ મુંબઈમાં વસતા આજીવન સભ્યોની કુલ સંખ્યાના ૧/૫ સભ્યોની હાજરીથી ગણાશે. (સંબંધ : નિયમ-૧૮, ૨૮)

૩૫. ઉપરોકત બન્ને પ્રકારની સભામાં નિયત સમયે ઉપર જણાવેલ કોરમ જેટલા સભ્યો હાજર ન હોય તો સભા એક કલાક મૂલતવી રાખી તે દરમ્યાન ૧/૧૦ સભ્યોની હાજરી થતા સભાનું કામકાજ ચાલુ કરી શકાશે પરંતુ આવી પૂરતા કોરમ વગરની સભામાં નીચેની બાબતો વિષેનું કામકાજ ચલાવી શકાશે નહીં.

(૧) એજેન્ડામાં ઉલ્લેખ ન કરવામાં આવ્યો હોય એવી બાબતો વિષે.

(૨) બંધારણમાં ફેરફાર કરવાની અથવા પ્રચલિત નિતી-વિષયક બાબતો વિષે (દા.ત. સભ્યપદની શરતોમાં ફેરફાર કરવા વિષે, આંતર-જ્ઞાતિય લગ્ન જેવી નિતી-વિષયક બાબત વિષે વગેરે વગેરે)

(૩) જે સભ્ય સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવ્યા હોય તે પગલાને રદબાતલ કરવા કે તેમાં સુધારા-વધારા કરવા વિષે.

(૪) કોઈપણ બાબતે વધારાના ખર્ચને મંજુરી આપવા વિષે.

(૫) સ્થાયિ (અનામત) ફંડના ઉપયોગ વિષે.

(૬) વાર્ષિક હિસાબ અને સરવૈયાને મંજુરી આપવા વિષે.

(૭) જે અંગે ૨/૩ કે ૩/૪ બહુમતિ જોઈતી હોય એવી બાબતો વિષે.

## વિભાગ-૧૩ : વિશેષ સામાન્ય સભા

૩૬. બૃહદ મુંબઈમાં વસતા ઓછામાં ઓછા ૧/૧૦ આજીવન પુરુષ સભ્યો, કોઈ ખાસ મહત્વની બાબત વિષે મંડળના પ્રમુખશ્રી ઉપર એકત્ર લેખિત અરજી કરી વિશેષ સામાન્ય સભા બોલાવવાની માગણી કરી શકશે. (સંબંધ : નિયમ-૧૦(૩))

૩૭. ઉપર મુજબની માગણી મળતા પ્રમુખશ્રીએ કારોબારી સમિતિ સમક્ષ તે બાબત અંગે ૭ દિવસની અંદર વિચારણા કરવાની રહેશે અને તે પછીના ૧૪ દિવસની અંદર વિશેષ સામાન્ય સભા બોલાવવાની રહેશે.

૩૮. આ પ્રકારની વિશેષ સામાન્ય સભામાં જે વિષય બાબતે સભા બોલાવવાની માંગણી થઈ હોય તે સિવાયની બીજી કોઈપણ બાબતનો તેની કાર્યસુચી (એજેન્ડા)માં સમાવેશ કરી શકાશે નહિ.

૩૯. ઉપર મુજબની વિશેષ સામાન્ય સભાનું કોરમ બૃહદ મુંબઈમાં વસતા આજીવન પુરુષ સભ્યોની કુલ સંખ્યાના ૧/૫ સભ્યોની હાજરીથી ગણાશે. જો નિયત સમયે એટલી સંખ્યાના સભ્યો હાજર ન હોય તો ત્યાર પછીના એક કલાક દરમ્યાન જરૂરી કોરમ મળતા સભાનું કામકાજ ચાલુ કરી શકાશે અન્યથા તે બાદ અર્થાત એક કલાક બાદ એ સભાની માંગણી 'રદ' થયેલ ગણાશે.

૪૦. આ વિશેષ સભાના નિર્ણયને કોરમ અનુસાર હાજર રહેલ સભ્યોની ૨/૩ બહુમતિથી મંજુરી મળશે તો જ સર્વે સભ્યોને માન્ય અને બંધનકર્તા ગણાશે. (સંબંધ : નિયમ ૩૭ થી ૩૯)

૪૧. કારોબારી સમિતિ સ્વયં પોતે પણ તાત્કાલીક વિચારણા માગતી નીચેની મહત્વ બાબતો વિશે 'વિશેષ સામાન્ય સભા' બોલાવી શકાશે અને તેમાં વિષય બહારની બીજી બાબતે વિચારણા થઈ શકશે નહિ.

(૧) કોઈ તાકીદની પરિસ્થિતિમાં અથવા કોઈ મહત્વની નિતિ-વિષયક બાબત વિશે.

(૨) બંધારણમાં ફેરફાર કરવા અંગે (અનુબંધ: નિયમ-૭૮)

(૩) અનામત ફંડના ઉપયોગ અંગે (અનુબંધ: નિયમ-૭૮)

(૪) કારોબારીના કોઈ હોદ્દેદાર કે કારોબારી સભ્ય સામે કાર્યવાહિ કરવા અંગે. (પ્રમુખશ્રી પોતાની સામે કાર્યવાહિ કરવા અંગે આવી સભા બોલાવવાની સંમતિ ન આપે તો ઉપ-પ્રમુખશ્રી અથવા કારોબારીના બહુમતિ સભ્યો એ માટે વિશેષ સામાન્ય સભા બોલાવી શકશે.) (અનુબંધ : નિયમ ૨૭, ૫૬)

(૫) મંડળના અસ્તિત્વને સંકેલી લેવા અંગે. (અનુબંધ : નિયમ-૭૯)

૪૨. ઉપરના નિયમ ૪૧ની ક્રમાંક (૧) થી (૪) બાબતો વિશેનું કોરમ બૃહદ મુંબઈમાં વસતા ૧/૫ આજીવન પુરુષ સભ્યોની હાજરીથી ગણાશે. જો નિયત સમયે એટલી સંખ્યાના સભ્યો હાજર ન હોય તો ત્યાર પછીના એક કલાક દરમ્યાન જરૂરી કોરમ મળતા સભાનું કામકાજ ચાલુ કરી શકાશે. અને તે પૈકીની ૨/૩ સભ્યોની બહુમતિથી જે નિર્ણયો થાય તે સર્વે સભ્યોને માન્ય અને બંધનકર્તા ગણાશે. અન્યથા ૧ કલાક બાદ તે સભા મુલતવી રાખી એક મહીનાની અંદર ફરીબીજીવાર એજ બાબતે સભા બોલાવવાની રહેશે અને તેમાં ૧/૬ આજીવન પુરુષ સભ્યોની હાજરીથી સભાનું કામકાજ ચાલુ કરાશે અને ૨/૩ બહુમતિથી લેવાયેલ નિર્ણય માન્ય ગણાશે.(સંબંધ: નિયમ-૧૮)

૪૩. ઉપરના નિયમ ૪૧ ની ક્રમાંક (૫) બાબતેની સભાનું કોરમ બૃહદ મુંબઈમાં વસતા કુલ સ્ત્રીપુરુષ સભ્યોની ૧/૩ હાજરીથી ગણાશે અને તે પૈકીના ૩/૪ સભ્યોની બહુમતિથી લેવાયેલો નિર્ણય માન્ય ગણાશે. જો ૧ કલાક દરમ્યાન જરૂરી કોરમ ન મળે તો એ સભા મુલતવી રાખી એક મહિનાની અંદર ફરી બીજીવાર એજ બાબતે સભા બોલાવવાની રહેશે અને તેમાં ૧/૪ સભ્યોની હાજરીથી સભાનું કામકાજ ચાલુ કરાશે અને ૩/૪ બહુમતિથી લેવાયેલ નિર્ણય માન્ય ગણાશે. (સંબંધ : નિયમ-૧૮)

૪૪. ઉપરના વિભાગ ૧૨ અને ૧૩માં દર્શાવેલ દરેક સભામાં લેવાયેલ નિર્ણયોની લેખિત જાણ એક મહિનામાં દરેક સભ્યોને કરવાની રહેશે.

## વિભાગ-૧૪ : વ્યવસ્થા અને કારોબાર

૪૫. મંડળના કારોબાર માટે નીચે મુજબની વ્યવસ્થાપક સમિતિની રચના કરવાની રહેશે.

(૧) પ્રમુખશ્રી (૨) કારોબારી સમિતિ.

૪૬. (૧) પ્રમુખપદની ઉમેદવારી નિયમ ૧૦ (૧) અનુસાર અને નિયમ-૧૬ અન્વયે જેનું સભ્યપદ એકેયવાર સ્થગિત કે રદબાતલ ન થયું હોય એવા ફકત આજીવન સભ્યો જ નોંધાવી શકશે. ઉમેદવારી અગાઉથી અથવા સામાન્ય સભામાં નોંધાવી શકાશે અને સામાન્ય સભા સૂચવે તે પધ્ધતિથી બહુમતિથી પ્રમુખશ્રીની ચૂંટણી કરાશે. (સંબંધ : નિયમ-૬૩, ૬૪)

(૨) પ્રમુખપદ માટે કોઈપણ આજીવન સભ્યની ઉમેદવારી ન આવે તો સામાન્ય સભામાં નામો સૂચવી બહુમતિથી ચૂંટણી કરવાની રહેશે.



૪૭. કારોબારી સમિતિની ચૂંટણી સામાન્ય સભા કરશે જે માટે આજીવન તેમજ સામાન્ય સભ્યો પોતાની ઉમેદવારી નોંધાવી શકશે અથવા પ્રમુખશ્રીને તેની પસંદગીના સભ્યો નિમણુંક કરવાની સત્તા આપશે. (સંબંધ : નિયમ-૬૩, ૬૪)

૪૮. પ્રમુખશ્રી અને કારોબારી સમિતિના સભ્યોની સંખ્યા સામાન્ય સભા ઠરાવે તે મુજબની પરંતુ ઓછામાં ઓછા ૧૧ સભ્યોની રાખવાની રહેશે.

૪૯. ઉપર મુજબ રચાયેલ વ્યવસ્થાપક સમિતિની મુદત સામાન્ય રીતે ૧ વર્ષની રહેશે પણ સામાન્ય સભા ઠરાવે તો તેની મુદત વધુમાં વધુ ૩ વર્ષની રાખી શકાશે જે પછી નિયમાનુસાર ચૂંટણી કરવાની રહેશે. જેમાં અગાઉની વ્યવસ્થાપક સમિતિના સભ્યો ફરી ચૂંટાવાને પાત્ર ગણાશે. (સંબંધ : નિયમ ૩૨ (૩))

૫૦. નવી ચૂંટાયેલ વ્યવસ્થાપક સમિતિએ, ચૂંટણીની તારીખથી એક મહિનાની અંદર, જૂની-નવી વ્યવસ્થાપક સમિતિની સંયુકત બેઠક બોલાવવાની રહેશે જેમાં જૂની વ્યવસ્થાપક સમિતિ અને તેના વર્ષના બાકી રહેલા કારોબારની રૂપરેખા અને સરવૈયા મુજબ હાથ ઉપરની સિલક રકમ તથા બીજા તમામ રેકર્ડ નવી વ્યવસ્થાપક સમિતિને સુપ્રત કરવાના રહેશે અને મીનીટ બુકમાં તેની યોગ્ય નોંધ લેવાની રહેશે.

૫૧. કારોબારીની પ્રથમ સભામાં કારોબારી સભ્યોમાંથી એક ઉપ-પ્રમુખ, એક યા બે માનદ્‌મંત્રી અને એક ખજાનચીની નિમણૂંક કરવાની રહેશે.

૫૨. કારોબારી સમિતિની સભાનું કોરમ તેની કુલ સંખ્યાના અર્ધાભાગના સભ્યોની હાજરીથી અને જો તે ૧૧ સભ્યોની બનેલી હશે તો ૬ સભ્યોની હાજરીથી ગણાશે.

૫૩. કારોબારી સમિતિના તમામ નિર્ણયો સાદી બહુમતિથી લેવાના રહેશે અને તે સર્વે કારોબારી સભ્યને (ગેરહાજર સભ્યો સહિત) બંધનકર્તા ગણાશે.

૫૪. કારોબારીનું તમામ કામકાજ લેખિત કરવાનું રહેશે જેની નોંધ મીનીટબુકમાં કરવાની રહેશે.

૫૫. વર્ષ દરમ્યાન કારોબારી સમિતિની ઓછામાં ઓછી ૬ સભા પ્રમુખશ્રીએ બોલાવવાની રહેશે જે પૈકીની લાગલગાટ ૩ બેઠકોમાં કોઈ કારોબારી સભ્ય લેખીત જાણ કર્યા વિના હાજર ન રહેશે તો તે કારોબારી સમિતિના સભ્ય તરીકે મટી જશે અને પ્રમુખશ્રી કારોબારી સમિતિની સંમતિથી, તેની ખાલી પડેલ જગ્યામાં બીજા સભ્યની નિમણુંક કરી શકશે.

૫૬. નિયમ ૧૩, ૧૪, ૧૫ માં પ્રસ્થાપિત શિષ્ટાચારના નિયમો પ્રમુખશ્રી સહિત કારોબારી સમિતિના દરેક હોદેદાર કે કારોબારી સભ્યોને પણ સમાન રીતે લાગુ પડશે અને તેમાં જણાવેલ ગેરવર્તણુક માટે કારોબારી સમિતિનો પ્રત્યેક સભ્ય નિયમ ૧૬ મુજબની કાર્યવાહીને પાત્ર ગણાશે.

૫૭. પ્રમુખશ્રી કારોબારી સભ્યનું રાજીનામું સ્વીકારી શકશે પરંતુ ઉપર નિર્દેશીત નિયમ ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ અન્વયે શિક્ષાપાત્ર કારોબારી સભ્યનું તથા એકી સાથે આવેલ કારોબારીના બહુમતિ સભ્યોનું રાજીનામું સામાન્ય સભા સમક્ષ રજુ કરવાનું રહેશે.

૫૮. પ્રમુખશ્રીને કોઈપણ સંજોગોમાં રાજીનામું આપવું હશે તો તેઓ સામાન્ય સભા સમક્ષ જ આપી શકશે. પ્રમુખશ્રીના રાજીનામાથી આખી કારોબારી સમિતિ આપોઆપ બરખાસ્ત થયેલ ગણાશે નહિ.



## વિભાગ-૧૫ : પ્રમુખશ્રી/કારોબારી સભ્યોની વિશેષ જવાબદારી-અધિકારો.

૫૯. પ્રમુખશ્રીને નિયમ ૨૬ અને ૨૮ થી ૩૧માં કેટલાક વિશેષ અધિકારો બક્ષવામાં આવ્યા છે તે તેમણે સવિશેષ જવાબદારીપૂર્વક અદા કરવાના રહેશે.

૬૦. (૧) પ્રમુખશ્રીને 'કારોબારી સભામાં' સર્વાનુમતે થયેલ નિર્ણય પણ જો સર્વાંશે સંસ્થાના કે સમાજના હિતમાં ન લાગતાં મજકૂર નિર્ણય મુલતવી રાખવાની વિશેષ સત્તા રહેશે.

(૨) પ્રમુખશ્રીએ ઉપર મુજબ મુલતવી રાખવામાં આવેલ નિર્ણયની ફેરવિચારણા માટેની બીજી કારોબારી સભા ૧૫ દિવસની અંદર બોલાવવાની રહેશે અને તેમાં કારોબારીના ૨/૩ સભ્યોની હાજરી હોય તો સાદી બહુમતિથી થયેલ નિર્ણય પ્રમુખશ્રી સહિત સર્વે કારોબારી સભ્યોને માન્ય ગણાશે.

૬૧. પ્રમુખશ્રીને નિયમ ૧૯માં જણાવેલ 'અપવાદ' બાબતે કોઈ સભ્યને રૂા.૧,૦૦૦/- સુધીની તાત્કાલીક મદદ કરવાની વિશેષ સત્તા રહેશે. પરંતુ આગામી કારોબારી સભામાં તેમણે તેની બહાલી મેળવવાની રહેશે.

૬૨. પ્રમુખશ્રી અને કારોબારી સમિતિના સભ્યો મંડળના સર્વાંગી કારોબાર અને તેના આર્થિક વ્યવહાર પર નિયંત્રણ રાખવા માટે સંયુકત રીતે સામાન્ય સભાને જવાબદાર રહેશે. તથાપી જે તે હોદ્દેદાર કે કારોબારી સભ્યને મંડળની આર્થિક લેવડદેવડ કરવાની કે સંભાળવાની જવાબદારી સોંપાયેલ હશે તેની સમયસર વસૂલી અને તેના વ્યવસ્થિત હિસાબની રજૂઆત

માટે જે તે સભ્ય વ્યકિતગત રીતે પણ સામાન્ય સભાને જવાબદાર ગણાશે.

૬૩. પ્રમુખશ્રીએ નિયમ ૩૨ના અનુસધાનમાં વર્ષ પૂર્ણ થતાં સમયસર તેમના વર્ષનો સંપૂર્ણ હિસાબ તૈયાર કરાવવાની, ઓડીટ કરાવવાની અને તે હિસાબ પર કારોબારી સભ્યોની સહી લઈ, સીલક સાથે તેની રજુઆત સામાન્ય સભા સમક્ષ કરાવવાની વ્યકિતગત ખબરદારી રાખવાની રહેશે.

૬૪. (૧) ઉપર મુજબ પૂરેપૂરો હિસાબ 'સિલક સાથે' સામાન્ય સભામાં રજુ થાય અને તેને સામાન્ય સભાની આખરી મંજુરી મળ્યા પછી જ તે વર્ષના પ્રમુખશ્રી અને કારોબારી સમિતિને ફારેગ થયાની મંજુરી આપવાની રહેશે.

(૨) કોઈ વિપરીત સંજોગોમાં કોઈ વર્ષના પ્રમુખશ્રી/કારોબારી સમિતિ તેની ઉપર મુજબની જવાબદારી સમયસર પરિપૂર્ણ ન કરે તો જયાં સુધી તે પરિપૂર્ણ ન કરે અને તે ઓડીટ ન થાય ત્યાં સુધી સ્થગિત અવસ્થામાં રહેલી ગણાશે અને તેની પરિપૂર્ણતા માટે તે સંયુકત રીતે સામાન્યસભાને જવાબદાર ગણાશે.

(૩) દરમ્યાન સામાન્ય સભા તે હિસાબો પરિપૂર્ણ કરાવવાના જરૂરી પગલાં લેશે અને મંડળના રાબેતા મુજબના કારોબાર માટે 'વચગાળાની કાર્યવાહિ સમિતિ'ની નિમણુંક કરશે જેને ચૂંટાયેલી વ્યવસ્થાપક સમિતિના સર્વે હકકો/જવાબદારીઓ પ્રદાન થયેલા ગણાશે.

૬૫. દરેક-સભા-સંમેલનોનું સંચાલન મંત્રીશ્રીએ કરવાનું રહેશે. તથાપિ કોઈ વિશેષ પ્રસંગનું સંચાલન કરવા પ્રમુખશ્રી જ્ઞાતિની અન્ય કોઈપણ વ્યકિતની નિમણુંક કરી શકશે.



૬૬. ખજાનચીએ વર્ષ દરમ્યાન દર ૩ મહિને મંત્રીશ્રી મારફત હિસાબો મેળવી તેની નૂકતેચીની કરી તેમાં રહેલી વૃટીઓ, બીનજરૂરી ખર્ચા વગેરેથી પ્રમુખશ્રીને વાકેફ કરતાં રહેવું પડશે.

## વિભાગ-૧૬ : નાણાંકીય વર્ષ

૬૭. મંડળનું નાણાંકીય વર્ષ સરકારના આદેશ અનુસાર એપ્રીલથી માર્ચ સુધીનું ગણાશે. અથવા સરકારી આદેશ પ્રમાણે રહેશે.

## વિભાગ-૧૭ : આર્થિક વ્યવસ્થા/કારોબાર

૬૮. મંડળની સર્વે સિલક/થાપણ સરકાર માન્ય બેંક અથવા નાણાંકિય સંસ્થાઓમાં સંસ્થાના નામે રોકવાની રહેશે અને તેની લેવડ દેવડ પ્રમુખશ્રી સહિત પાંચ કારોબારી સભ્યો પૈકી ૨ સભ્યોની સહીથી કરવાની રહેશે. રોજબરોજના આર્થિક વ્યવહાર માટે કારોબારી કોઈપણ એક સમયે રૂા.૫૦૦/- સુધીની સિલક હાથ ઉપર રાખી શકશે. તે ઉપરાંતની સર્વે સિલક બેંકમાં જમા કરાવવાની રહેશે.

૬૯. જુદા જુદા પ્રકારની આવકની ફાળવણી નીચે મુજબ કરવાની રહેશે.

(૧) સભાસદની દાખલ ફી તેમજ આજીવન લવાજમની પૂરેપૂરી રકમ અનામત ફંડ (રીઝર્વ ફંડ) ખાતે જમા કરવાની રહેશે અને તે લાંબા ગાળાની થાપણમાં રોકવાની રહેશે.

(૨) વ્યાજના આવકની ઓછામાં ઓછી ૨૫% રકમ અનામત ફંડ ખાતે અને બાકીની રકમ જનરલ ફંડ ખાતે ફાળવવાની રહેશે.

(૩) બીજી અન્ય આવકો પૂરેપૂરી જનરલ ફંડ ખાતે જમા કરવાની રહેશે.

૭૦. મંડળના દરેક ક્ષેત્રનો આર્થિક કારોબાર જનરલ ફંડ ખાતેથી આવકની મર્યાદામાં રહી કરવાનો રહેશે.

૭૧. (૧) જ્ઞાતિની કોઈ વ્યકિત રૂ.૫,૦૦૦/- થી ઓછું ન હોય એવા કોઇ 'વિશિષ્ટ ફંડ'ની યોજના મંડળને અર્પણ કરે તો સામાન્ય સભા તેની યોગ્ય શરતો, નિયમો નક્કી કરી સૂચિત ફંડનો સ્વીકાર કરી શકશે.

(૨) એવા વિશિષ્ટ ફંડની વ્યાજની આવક તે ફંડ ખાતે જ જમા કરવાની રહેશે અને તેની આવક-જાવકનો હિસાબ અલગ રાખવાનો રહેશે.

૭૨. 'અનામત ફંડ'નો ઉપયોગ સ્થાવર-જંગમ મિલકત વસાવવા અને તેના નિભાવ (મેન્ટેનન્સ) માટે જ સામાન્ય સભાની મંજુરીથી કરવાનો રહેશે. (સંબંધ : નિયમ-૭૮)

૭૩. કારોબારીએ પ્રત્યેક સભામાં તેની અગાઉની સભા દરમ્યાન થયેલી આવક-જાવકને પ્રમાણિત કરવાની રહેશે. રૂ.૨૦/- ની ઉપરના પ્રત્યેક ખર્ચનું વાઉચર લેવાનું/બનાવવાનું રહેશે.

૭૪. કોઈક સંજોગોમાં બાકી ઉઘરાણી, વારંવારના પ્રયત્ન છતાં, વસુલ થઈ શકે એમ ન હોવાનું યોગ્ય જણાય તો કારોબારી સમિતિએ સામાન્ય સભા સમક્ષ તેની માંડવાળ કરવા માટેની જરૂરી ભલામણ કરવાની રહેશે.

૭૫. મંડળની થાપણ, લવાજમ, રસીદબુકની વ્હેંચણી તથા સ્થાવર જંગમ વિગેરે અસ્કયામતના અલગ અલગ વિગતવાર રજીસ્ટર



બનાવવાના રહેશે અને તેની સાચવણી મંત્રી/ખજાનચીએ રાખવાની રહેશે.

૭૬. જરૂર પડયે આર્થિક વ્યવસ્થા અને કારોબારની સરળતા માટે નક્કી કરાયેલ સભ્યોનું એક અલગ 'ખજાનચી બોર્ડ'ની નિમણુંક કરી શકાશે.

૭૭. ખજાનચી/ખજાનચી બોર્ડે ત્રિમાસિક હિસાબો તૈયાર કરી તે સમય સમયે આંતરિક હિસાબનીસ પાસેથી તપાસાવી લેવાના રહેશે જેથી વર્ષના અંતે સામાન્ય સભા સમક્ષ તેની સમયસર રજૂઆત કરી શકાય.

## વિભાગ-૧૮ : અન્ય પ્રકીર્ણ બાબતો.

૭૮. બંધારણમાં ફેરફાર અને અનામત ફંડનો ઉપયોગ કરવાની સત્તા માત્ર સામાન્ય સભાને રહેશે. કારોબારીએ તે માટેના કારણો અને વિગતોની સૂચના ૧૫ દીવસ અગાઉ દરેક સભ્યોને આપવાની રહેશે અને સામાન્ય સભામાં તેની કાર્યવાહિનું કોરમ નિયમ ૪૨ અનુસાર ગણવાનું રહેશે.

૭૯. દીર્ઘકાળ સુધી આ સંસ્થા ચાલુ રહે એ જોવાની સૌ સભ્યોની સામાજીક/નૈતિક ફરજ લેખાશે. તથાપિ તેનું અસ્તિત્વ સંકેલી લેવાના કોઈ વિપરીત સંજોગો ઉભા થાય તો તેની સર્વે અસકયામતો પર કોઈપણ પ્રકારના સભ્યોનો વ્યકિતગત અધિકાર રહેશે નહિ અને તેનો ઉપયોગ જ્ઞાતિના સર્વોપયોગી હિતાર્થે થાય એવા પ્રકારની વ્યવસ્થા, સામાન્ય સભાએ નિયમ ૪૩ મુજબના કોરમથી વિચારવાની રહેશે.

૮૦. આ પૂનર્રચિત બંધારણ વિજયાદશમી દિનાંક ૧૭-૧૦-૧૯૯૧થી અમલમાં આવ્યું ગણાશે. અને એ અગાઉના બંધારણનો આથી વિલય થયેલો ગણાશે. તથાપિ અગાઉના બંધારણ અન્વયે થયેલી

મંડળની દરેક કારવાઈ આ પૂનરચિત બંધારણની જોગવાઈઓ અનુસાર થયેલી ગણાશે.

શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ
વતી,

શ્રી ભરત લલ્લુભાઈ મિસ્ત્રી
(પ્રમુખ - ૧૯૯૧-૧૯૯૨)

*Printed by* ***Parmar Xerox*** **- 185, Perin Nariman Street, Fort, Bombay-400 001.**
**Phone : 261 46 24, 262 55 30**